અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ / લાઈસન્સની તાલીમ માટે નાણાકીય સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અજાક/૧૩૦૬/ન.બા.૧૦/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૪-૩-૨૦૦૭

**વંચાણે લીધા :-**

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૧-૧૦-૧૯૮૭ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૭-મુમ-૧૨૪૭-જ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૧-૩-૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક : ટીએપી-૨૦૯૭-૧૭૬-ઘ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪-૧૦-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૮-ન.બા.૧૬-ગ

## ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે રૂ.૪.૦૦ લાખ સુધીની લોન વાર્ષિક ૪ ટકા વ્યાજના દરે આપવાની યોજના અમલમાં છે. આ લોનની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાઈસન્સની તાલીમ માટે હાલ આપવામાં આવતી રૂ.૪.૦૦ લાખની લોનને બદલે રૂ.૧૫.૦૦ લાખ (અંકે રૂપિયા પંદર લાખ) લોન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આમુખમાં દર્શાવેલ તા.૨૧-૧૦-૧૯૮૭ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ અન્ય શરતો યથાવત રહેશે.

૪. આ યોજના માટે વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૪૪.૦૦ લાખની નવી બાબતની જોગવાઈને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૫. આ યોજના અંગેનું ખર્ચ તા.૧-૪-૨૦૦૭ થી કરવાનું રહેશે.

૬. સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં ાવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૭. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૮. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૯. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર : ૬૨૨૫-અનુસૂચિદ જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર : (૦૧) અનુસૂચિદ જાતિઓનું કલ્યાણ ગૌણ સદર : ૧૯૩-સ્વૈચ્છિક સંગઠનોને લોન, પેટા સદર : (૦૨) બીસીકે-૧૪, પાયલોટ માટેની વ્યવસાયિક તાલીમ માટે લોન હેઠળ ઉધારવાનું અને તે હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૧૦. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૯-૩-૨૦૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(શ્રીમતી એસ. આર. ભૂરિયા)
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# કોમર્શીયલ પાઈલટ માટે લોન મેળવવા અંગેની અરજી સાથે ચકાસવાના મુદ્દા

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧ | નિયત નમૂનાનું અરજી પત્રક | : | |
| ૨ | જાતિ અંગેનો દાખલો-શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. | : | |
| ૩ | શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ. | : | |
| ૪ | આવકના દાખલાની પ્રમાણિત નકલ. | : | |
| ૫ | અરજદારના ફોટાની નકલ. | : | |
| ૬ | પ્રાઈવેટ પાઈલોટ લાયસન્સ (પી.પી.એલ.) ની પ્રમાણિત નકલ. | : | |
| ૭ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ. | : | |
| ૮ | વિદ્યાર્થીનું સોગંદનામું (અસલમાં) | : | |
| ૯ | વિદ્યાર્થીનું જાત જામીનખત (અસલમાં) | : | |
| ૧૦ | પિતા-વાલીના વ્યવસાય અંગેની વિગત/આધારોની પ્રમાણિત નકલ. | : | |
| ૧૧ | જ્યાં અભ્યાસ કરવાનો હોય તેની વિગત. | : | |
| ૧૨ | ફીટનેશ અંગેના મેડીકલ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. | : | |
| ૧૩ | બે જામીનદારો | : | |
| ૧૪ | જામીનખત સ્ટેમ્પ પેપર ઉપર અસલમાં.<br>તેઓની મિલકત અંગેની વિગત અને આધાર<br>જામીનદારના એક એક ફોટા<br>જામીનદારોના રૂ.૪.૦૦ લાખ કક ૪.૦૦ લાખનાં અસલ વેલ્યુએશન સર્ટીફીકેટ રજૂ કરવાનાં રહેશે. | : | |
| ૧૫ | તાલીમ આપનાર સંસ્થાનો મંજૂરી પત્ર | : | |
| ૧૬ | પ્રવેશ આપવા અંગેનો સંમતિ પત્ર | : | |
| ૧૭ | પાસપોર્ટની પ્રમાણિત નકલ | : | |
| ૧૮ | અરજદારના સંબંધી વિદેશમાં રહે છે કે કેમ ? તે અંગેની વિગત | : | |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | લોન ભરપાઈ કરવા અંગે પાત્રતાનો દાકલો | : | |
| ૨૦ | વિઝાની પ્રમાણિત નકલ | : | |
| ૨૧ | સહીના ગુજરાતી/અંગ્રેજી ત્રણ ત્રણ નમૂના (અરજદાર અને જામીનદારના) | : | |
| ૨૨ | તમામ શરતો માન્ય છે તે બાબતનો સ્વીકૃતિ પત્ર (સ્ટેમ્પ પેપર પર) | : | |
| ૨૩ | આર્થિક સદ્ધરતા અંગેની બાયધરી આધાર સહ. | : | |

**ચકાસણી અધિકારીની સહી/-**

**હોદ્દો :**

## કોમર્શીયલ પાઈલોટ લાઈસન્સની તાલીમ માટે લોન લેવા બાબતનો સ્વીકૃતિ પત્રનો નમૂનો

| | | | |
|---|---|---|---|
| (૧) | અરજદારનું પુરૂ નામ તથા અટક | : | |
| (૨) | અરજદારના પિતા/વાલીનું પુરૂ નામ | : | |
| (૩) | અરજદારનું પુરૂ સરનામું ગામ/તાલુકો/જિલ્લો | : | |
| (૪) | અરજદારની જાતિ-પેટા જાતિ | : | |
| (૫) | શૈક્ષણિક/તાંત્રિક લાયકાત (પ્રમાણપત્રની પ્રમાણિત નકલ) | : | |
| (૬) | જે જગ્યાએ તાલીમ લેવાના હોય તે સંસ્થાનું નામ સરનામું | : | |

આથી હું બાંહેધરી આપું છું કે વિદેશમાં રહેતા મારા કોઈ સગા સંબંધીએ કોમર્શીયલ પાઈલટ લાઈસન્સની તાલીમ માટે મારી નાણાકીય જવાબદારી સ્વીકારેલ નથી. આ તાલીમ પુરી કર્યા બાદ હું મારી સેવાઓ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ભારત દેશમાં જ આપીશ અને વિદેશમાં સ્થાઈ થઈશ નહીં. જો વિદેશમાં સ્થાઈ થઈશ તો સરકાર દ્વારા મંજૂર કરેલ સહાય વ્યાજ સાથે સરકારને પરત કરીશ.

તા.૨૧-૧૦-૮૭ના હુકમ નં.એસસીડબલ્યુ/૧૦૮૭/મુ.મ/૧૨૪૭/જ થી મંજૂર થયેલી યોજના હેઠળ લોન/સહાય માટે જે બોલીઓ અને શરતો છે તે મને બંધનકર્તા રહેશે. લોન તથા વ્યાજ સમયસર નિયમિત હપ્તાઓમાં ભરવા કબૂલ થાઉં છું જો હું લોન અને તે પેટેની વ્યાજની રકમ નિયમિત રીતે ભરપાઈ ન કરૂં અને લોનનો બીજી રીતે ઉપયોગ કરૂં તો સરકાર મારી પાસેથી તે રકમ વસૂલ લેવા હક્કદાર રહેશે.

સ્થળ : સહી ..

તારીખ : / /

સાક્ષી : (૧)

(૨)

રૂબરૂ (રાજ્યપત્રિત અધિકારી)

## લોન ભરપાઈ કરવા માટે જામીન અંગેનું ફોર્મ

આથી હું ...........................................................ઉંમર...........ગામ......................
તાલુકો ...................જિલ્લો....................જણાવું છું કે ..............................................
રહેવાસી ..................................................જાતે.................... ખાતે નોકરી કરતાને હું છેલ્લા
..............વર્ષથી ઓળખું છું. તેઓને સમાજ કલ્યાણ વિભાગના તા.૨૧-૧૦-૮૭ના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/ ૧૦૮૭/મુ.મ./૧૨૪૭/જ થી મંજૂર કરેલી યોજના હેઠળ લોન મળવાપાત્ર છે. તેમને જે લોન આપવામાં આવે છે તે તેઓ સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણે અને તેમણે આપેલી બાંહેધરી મુજબ સમયસર પાછી ભરપાઈ કરશે. આ લેખથી સર્વે લોનેને જાણ થાય છે કે, .........................................જિલ્લાના...................... તાલુકાના .................
ગામના.........................રહેવાસી અને............................................. ખાતે નોકરી/વ્યવસાય ધરાવતા શ્રી ..................................................... (હવે પછી જામીન તરીકે ઉલ્લેખ) સરકારે નિયત કરેલા ધારાધોરણ મુજબ અને સરકારે નક્કી કરેલ વ્યાજના દરે વ્યાજ સહિત સરકારને ચૂકવવાની રૂ. ....................
(અંકે રૂપિયા .................................................... પુરા) ની રકમ અંગે ગુજરાતના રાજ્યપાલ (હવે જેમનો ઉલ્લેખ સરકાર તરીકે કરેલ છે.) સાથે સાચી અને દૃઢ રીતે બંધાય છે. અને ઉકત રકમની સંપૂર્ણ અને સાચી રીતે ચૂકવણી થાય તે માટે જામીન પોતે તેના વંશ વારસો અને વહીવટી કર્તાઓ અને પ્રતિનિધિઓ આ જોખમથી દૃઢ રીતે બંધાય છે. તેમ છતાં જો લોન લેનાર મૃત્યુ પામે કે નાદાર બની જાય કે કોઈપણ સંજોગોમાં આ કરારની શરતોનો ભંગ કરે તો ઉકત લોનની મુળ મુદ્દલ રકમ કે ઉકત લોનની તે સમયે વણચૂકવાયેલી બાકી રહેતી હોય તેટલી મુદ્દલ રકમ અને તે અંગેનું વ્યાજ સરકાર જ્યારે માંગણી કરશે ત્યારે લોનની બાકી તરીકે જામીન પાસેથી વસૂલ કરવાપાત્ર ગણાશે. અને તે હું અને મારા વંશવારસ ચૂકવી આપવા બંધાઈએ છીએ. સ્વીકૃતિપત્રના અમલ માટેની જવાબદારી ઉક્ત કરાર હેઠળ લોન લેનારની સાથોસાથ સંયુકત અને વ્યકિતગત રીતે અમારી પણ ગણાશે.

આ ખતની સાક્ષી રુપે ઉપર નામની જણાવેલ જામીન શ્રી .............................................. એ પ્રથમ સહી નીચે લખેલ ૧૯...........ના.............. મહિનાની.............. તારીખે આના પર પોતીની સહી કરી છે.

સ્થળ :- પુરી સહી/-.........................................

તારીખ :- પુરુ નામ :-.........................................

સાક્ષી :-

(૧)

(૨)

તાકીદનું